# મિશનેરી ટીમે રોમન લશ્કરી અધિકારી અને તેના મિત્રોને ખ્રિસ્તની ઓળખ આપી.

આમાંની કોઈ બાળ-પ્રવૃત્તિઓ **પસંદ કરો.**

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, આ બાળકો જ્યારે તમારી અને બીજાઓની સેવા કરે ત્યારે તેઓ એકબીજાની સાથે મળીને અને પ્રેમથી એકબીજાની સહાય કરીને તેમ કરે માટે અમે તમારી સહાય માંગીએ છીએ.

**પ્રે.કૃ ૧૦ મા અધ્યાયથી** કર્નેલ્યસ રોમન અધિકારીની વાર્તા કોઈ મોટો છોકરો અથવા શિક્ષક વાંચે અથવા મોઢે કહે. આ વાર્તામાં પીતર અને તેના સાથીદારો જોપ્પામાં હતા ત્યારે સાથે મળીને કામ કરવાની રીત દ્વારા તેમણે બીજા શહેરમાં બિનયહુદી વિશ્વાસીઓની મંડળીઓ ઊભી કરી તે વાત આવે છે. વાર્તા કહી રહ્યા પછી આ પ્રશ્નો પૂછો (જવાબો સાથે જ આપેલા છે)

- કર્નેલ્યસ કેવા પ્રકારનો માણસ હતો ? (૨)
- કર્નેલ્યસને ઈસુ વિષે કહેવા માટે પીતર સાથે ગયેલી ટીમના સભ્યો કોણ હતા?(૨૩)
- બિનયહુદી લોકો પ્રત્યે પિતરના વ્યવહાર બાબતે દેવ પીતરને સ્વપ્ન દ્વારા શું શિખવ્યું ? (૨૮)
- સુવાર્તા સાંભળવા માટે કર્નેલ્યસ સાથે બીજા કોણ રાહ જોતા હતા ? (૨૪)
- કર્નેલ્યસ અને તેની સાથેના માણસો પર પવિત્ર આત્મા કેટલી જલ્દીથી આવ્યો ?(૪૪)
- તેમને કેટલા સમયમાં બાપ્તિસ્મા આપવામાં આવ્યું ? (૪૮)

પિતર અને કર્નેલ્યસની વાર્તાનું પ્રે ૧૦ અનુસાર **નાટક બનાવો.**



- સભાના મુખ્ય આગેવાન પાસે આ નાટક રજુ કરવાની મંજુરી લો.
- બાળકો સાથે નાટકના બધા ભાગ ભજવવા જરૂરી નથી.
- બાળકો સાથે નાટક તૈયાર કરવામાં સમય ગાળો.
- મોટા બાળકો નાના બાળકોની સહાય કરે.
- મોટા બાળકો કે સભાજનો વર્ણન કરનાર, કર્નેલ્યસ, પીતર અને દેવના અવાજ ના પાત્રો ભજવે. જે બાળક દેવના અવાજનું પાત્ર ભજવે તેણે વાળેલી ચાદર હાથમા રાખવી.
- જે લોકો નાટક જુએ છે તેમાંથી કર્નેલ્યસના મિત્રો બનાવો.

**વર્ણન કરનાર** : વાર્તાનો પ્રથમ ભાગ પ્રે.૧૦:૧-૮ પ્રમાણે કહે. પછી બોલે, 'કર્નેલ્યસ શાંત રીતે પ્રાર્થના કરે છે. સાંભળો, દેવ તેને શું કહે છે.

**દેવનો અવાજ** : કર્નેલ્યસ, મેં તારી પ્રાર્થનાઓ સાંભળી છે. તેં જે રીતે મારી સેવા કરી છે તે મેં જોઈ છે. જા, અને મારા સેવક પીતરને બોલાવ.

**વર્ણન કરનાર** : વાર્તાનો બીજો ભાગ પ્રે.૧૦:૯-૨૩ મુજબ કહે. પછી બોલે, પીતર શાંત રીતે પ્રાર્થના કરી રહ્યો છે. સાંભળો, દેવ તેને શું કહે છે.

**દેવનો અવાજ** : ચાદર ઊંચી કરીને બધાને બતાવે છે. પછી તે ખોલીને જમીન પર પાથરી દે છે અને કહે છે, પીતર હું જાણું છું કે તને સખત ભૂખ લાગી છે. ઉઠ અને આ પ્રાણીઓને મારીને ખા.

**પ્રાણીઓ** : ચાદર ઉપર ઘુંટણીએ ચાલે અને અવાજો કરે. કેટલાંક ભૂંડનો અવાજ તો કેટલાક સાપનો સિસકારો કરે.

**પીતર** : પ્રભુ, હું ખાઈ શકતો નથી. ભૂંડ અને સાપ ખાવાથી તો યહુદી નિયમનો ભંગ થશે.

**દેવનો અવાજ** : મેં જેને શુદ્ધ કર્યું છે તેને તું અશુદ્ધ ન ગણ. માર અને ખા. પીતર બીજી બે વખત કહે કે તે અશદ્ધ માંસ ખાઈ શકતો નથી અને દરેક વખતે દેવનો અવાજ તેને કહે 'મેં પ્રાણીઓને શુદ્ધ કર્યા છે. ઉઠ, મારીને ખા.'

**સૈનિકો** : પીતર પાસે આવી પહોંચે અને બોલે, 'કર્નેલ્યસના શહેર કાઈસારીયામાં તેમના ઘેર તમે આવો.'

**પીતર** : કર્નેલ્યસ જેવા બિનયહુદીને ત્યાં જવું અમને યહુદીઓને ઉચિત નથી. તો પણ મારા દેવે મને તમારી સાથે આવવાની આજ્ઞા આપી છે. આવો. અને આજે રાતે અહીં રોકાઓ.

**વિશ્વાસીઓ** : પીતર,અમે પણ તમારી જેમ પ્રભુઈસુ પર વિશ્વાસકરીએ છીએ માટે અમે પણ તમારી મદદ કરવા સાથે આવીશું.

**વર્ણન કરનાર** : વાર્તાનો ત્રીજો ભાગ પ્રે.૧૦ઃ૨૪-૪૮ મુજબ કહે. પછી બોલે, 'તમે અત્યારે આ નાટકમાં હવે કર્નેલ્યસ અને તેના કુટુંબ અને મિત્રોને જોઈ રહ્યા છો. હવે પીતર શું કહે છે તે સાંભળો.'


**પીતર** : સ્વપ્નમાં દેખાડ્યું છે કે તે તમને અને તમારા લોકને સ્વીકારી શકે છે. પ્રભુ ઈસુ તારણ આપવાને માટે મરણ પામ્યા અને સજીવન થઈને પાછા ઉઠ્યા.

**કર્નેલ્યસ** : પવિત્ર આત્માએ અમને ખાતરી પમાડી છે કે અમે પાપી છીએ અને અમારે ઈસુની જરૂર છે.

**પીતર** : કર્નેલ્યસના મિત્રો તરફ આંગળી દેખાડે. (એટલે કે નાટક જોઈ રહેલા લોકો તરફ પછી કહે, 'જૂઓ ભાઈઓ, તેઓએ પવિત્ર આત્માનું દાન મેળવ્યું છે. હવે આપણે તેમને બાપ્તિસ્મા આપીએ.'

**વર્ણન કરનાર કે કોઈ મોટો છોકરો** : નાટકમાં ભાગ લેનાર સર્વનો આભાર માને.

**જો બાળકો** આ નાટક મોટાઓ સમક્ષ કરે તો તેમણે આગળ આપેલા પ્રશ્નો પણ પૂછવા.



ભૂંડનું **ચિત્ર દોરો**. બાળકો તેની કોપી કરે અને હવે પછીની ભજનસેવા વખતે તે બતાવે. દેવ દરેક સંસ્કૃતિના લોકોને તારણ આપવા માંગે છે. ભલે તેઓ ગમે તે ખોરાક ખાતા હોય. તેવું ચિત્ર બતાવે છે તે સમજાવવું.

બીજી સંસ્કૃતિના લોકોને ઈસુ વિષે કહેવામાં જે કઠીનાઈઓનો સામનો કરવો પડે તેના બીજા ઉદાહરણો આપવાનું **બાળકોને કહો.**

મોટા બાળકો પાસે રોમન સૈનિકનું ચિત્ર દોરાવો. (આ વાર્તાનું પ્રથમ પાનુ) આ ચિત્ર કર્નેલ્યસની યાદ અપાવે છે કે જે એક સારો માણસ હતો, વિશ્વાસ કરતો હતો અને પોતાના મિત્રોને ઈસુ પાસે લાવવામાં મદદરૂપ થયો હતો.

૨ કાળ.૧૬ઃ૯ (પ્રથમ ભાગ) **મુખપાઠ કરવો.** 'કેમકે યહોવાહની આંખો આખી પૃથ્વીનું નિરીક્ષણ કર્યા કરે છે, જેથી જેઓનું અંતઃકરણ તેની તરફ સંપૂર્ણ છે તેઓને સહાય કરીને પોતે બળવાન છે એમ દેખાડી આપે.'

ગી.શા. ૬૭ઃ૧,૨,૩ અને ૪ કલમો ચાર બાળકો બોલી જાય.

મોટા બાળકો ગીતો, સંક્ષિપ્ત નાટક વિ. અઠવાડીયા દરમ્યાન લખે. તેનો વિષય :- આપણે સાથે મળીને ટીમ તરીકે કાર્ય કરીને અન્ય સંસ્કૃતિના લોકોને ઈસુ વિષે કેવી રીતે કહેવું.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, આખા જગતના લોકોને પાપ અને મરણથી તારવાની તમારી યોજનાને માટે અમે તમારો આભાર માનીએ છીએ. અમારા કરતા જુદી સંસ્કૃતિ હોવા છતાં આવા લોકોને ઈસુ વિષે કહેવા માટે અમારી સહાય કરો.

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.